*This Question Paper contains 6 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : 102490

# 058(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

**સૂચનાઓ :**

1) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 54 પ્રશ્નો છે.
2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.
3) પ્રશ્નોની સામે લખેલા અંક ગુણ દર્શાવે છે.
4) પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખવા.
5) નવો વિભાગ નવા પાના પર લખવો.

## વિભાગ - A

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 1 થી 15 બહુવિકલ્પ પ્રશ્નો છે. આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[15]**

1) પ્રાચીન ગ્રીક ભાષાના ગ્રંથોમાં કોના વર્ણનો જોવા મળતા હતા ?
   (A) દેવી દેવતાઓના (B) ભગવાન ઈશુના
   (C) દલાઈ લામાના (D) પયગમ્બરના

2) નીચેનામાંથી અર્વાચીન યુગનું લક્ષણ જણાવો.
   (A) શબ્દ પ્રામાણ્ય (B) અનુભવ પ્રામાણ્ય
   (C) તર્ક પ્રામાણ્ય (D) વિચાર પ્રામાણ્ય

3) ભારતમાં ઇન્ટરનેટનું આગમન કયા વર્ષમાં થયું ?
   (A) 1995 (B) 1998
   (C) 1999 (D) 1997

4) દેશમાં મતદારયાદી માટેની મોજણી એ કયા પ્રકારનો સર્વે છે?
   (A) સેન્સસ સર્વે (B) સેમ્પલ સર્વે
   (C) રેન્ડમ સર્વે (D) નમૂનાનો સર્વે

5) જિલ્લામાં વિકેન્દ્રીત આયોજનની જવાબદારી કયા અધિકારી સંભાળે છે ?

(A) જિલ્લા વિકાસ અધિકારી (B) કલેક્ટર

(C) જિલ્લા પંચાયતના પ્રમુખ (D) જિલ્લા આયોજન અધિકારી

6) ગાંધીજીએ હરિજનપત્રમાં કયા મથાળા હેઠળ ગરીબી અંગેના લેખો લખ્યા ?

(A) ગરીબી હટાવો (B) ગરીબી અને સમાજ

(C) મરજિયાત ગરીબી (D) ગરીબી અને રાજકારણ

7) રાજનીતિ અને ધર્મનો સમન્વય કરવાનું કામ કોણે કર્યું હતું ?

(A) ગાંધીજી (B) સરદાર પટેલ

(C) જવાહરલાલ નહેરુ (D) ગોપાલકૃષ્ણ ગોખલે

8) 1942 માં ભારતમાં કયું આંદોલન થયું હતું ?

(A) અસહકારનું આંદોલન (B) મીઠાનો સત્યાગ્રહ

(C) હિંદ છોડો આંદોલન (D) ચંપારણનો સત્યાગ્રહ

9) વલ્લભભાઈ પટેલને સરદારનું બિરુદ કયા સત્યાગ્રહ વખતે આપવામાં આવ્યું હતું ?

(A) બારડોલી સત્યાગ્રહ (B) ખેડાનો સત્યાગ્રહ

(C) ચંપારણનો સત્યાગ્રહ (D) મીઠાનો સત્યાગ્રહ

10) રોબર્ટ કલાઈવને અમીચંદે કયા યુદ્ધમાં મદદ કરી હતી ?

(A) પાણીપતના યુદ્ધમાં (B) કલકત્તાના યુદ્ધમાં

(C) મદ્રાસના યુદ્ધમાં (D) પ્લાસીના યુદ્ધમાં

11) માનવ વિકાસ અહેવાલ દર વર્ષે કોણ જાહેર કરે છે ?

(A) અમેરિકા (B) યુનિસેફ

(C) સંયુક્ત રાષ્ટ્રસંઘ (D) ઓસ્ટ્રેલિયા

12) આંતર રાષ્ટ્રીય અદાલત કયા શહેરમાં આવેલી છે ?

(A) હેગ (B) પેરિસ

(C) દિલ્હી (D) હેમ્બર્ગ

13) નીચેનામાંથી કયો દેશ વિટો સત્તા ધરાવતો નથી ?

(A) અમેરિકા (B) રશિયા

(C) બ્રિટન (D) પાકિસ્તાન

14) સમાજવાદી વિચારધારાનો પ્રમુખ ગ્રંથ કયો છે ?

(A) દાસ કેપીટલ (B) અન ટુ ધી લાસ્ટ

(C) સત્યના પ્રયોગો (D) ગીતાંજલી

15) ચિપકો આંદોલનના પ્રણેતા કોણ હતા ?

(A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ

(C) સુંદરલાલ બહુગુણા (D) અન્ના હજારે

## વિભાગ - B

**નીચે આપેલા પ્રશ્ન નં. 16 થી 30 અતિ ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેક પ્રશ્નનો 1 ગુણ છે . [15]**

16) ભગવાન ઈશુનો જન્મ ક્યા થયો હતો ?

17) ચીનના પ્રવાસ દરમ્યાન માર્કોપોલોએ કયું પુસ્તક બહાર પાડ્યું હતું ?

18) કમ્પ્યુટરને યાસિન દલાલે કોની સાથે સરખાવ્યું છે ?

19) માન્યતા અને મૂલ્યો અંગેની માહિતી કયા પ્રકારની માહિતી ગણાય ?

20) કુદરતી આફત વખતે કરવામાં આવતું આયોજનને કેવા આયોજન માં સમાવી શકાય ?

21) ટ્રસ્ટીપણાનો સિદ્ધાંત કઈ પ્રથા ના મૂળમાં પ્રહાર કરે છે ?

22) ચંપારણનો સત્યાગ્રહ કઈ પ્રથા સામે હતો ?

23) કરેંગે યા મરેંગે નો મંત્ર કોણે આપ્યો હતો ?

24) ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં કયા આશ્રમની સ્થાપના કરી હતી ?

25) ભારત સાર્વભોમ પ્રજાસત્તાક રાજ્ય ક્યારે બન્યું ?

26) કલકત્તામાં સૌ પ્રથમ કન્યાશાળા કોણે શરૂ કરી હતી ?

27) પરિવર્તન કેવા પ્રકારનું હોવું જોઈએ ?

28) વિશ્વ માનવ અધિકારોની ઘોષણા ક્યારે કરવામાં આવી હતી ?

29) સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપના વખતે કેટલા રાજ્યો જોડાયા હતા ?

30) પૃથ્વીને હૂંફાળી રાખવા કુદરતે કયા વાયુઓનું આવરણ બનાવ્યું છે ?

## વિભાગ - C

■ **નીચે આપેલા પ્રશ્ન નંબર 31 થી 42 ટૂંક જવાબી પ્રશ્નો છે. દરેકના 2 ગુણ છે.** **[24]**

31) ધર્મયુદ્ધ શા માટે અને કોણે શરૂ કરાવ્યા હતાં ?

32) રોમન સામ્રાજ્યમાં કોન્સ્ટેન્ટીનોપલ શહેર વ્યૂહાત્મક વેપારી મથક શા માટે ગણાતું ?

**અથવા**

બૌદ્ધિક સંપત્તિમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

33) ઇ-મેઇલ એટલે શું ? તેનો અગત્યનો ઉપયોગ જણાવો.

34) આયોજનના બે સામાજિક હેતુઓ જણાવો.

35) મિશ્ર આયોજન એટલે શું ? ટૂંકમાં સમજાવો.

36) યંત્રની મર્યાદા વિશે ગાંધીજીએ શું વિચાર રજૂ કર્યો છે ?

37) સાર્વભોમ સત્તાનો અર્થ ટૂંકમાં લખો.

38) ધંધાદારી મંડળો એટલે શું ? બે ઉદાહરણ આપો.

39) ઉદારીકરણને ટૂંકમાં સમજાવો.

**અથવા**

ખાનગીકરણ કોને કહેવાય ?

40) ઉપભોક્તાવાદ એટલે શું ?

**અથવા**

જીવન ધોરણ સૂચક આંક કોને કહેવાય ?

**41)** સોક્રેટીસની ભણાવવાની પદ્ધતિ કેવી હતી ?

**42)** ટોલ્સ્ટોયે સામાજિક સમસ્યાના ઉકેલ માટે કયો ત્રિસૂત્રી કાર્યક્રમ આપ્યો હતો ?

## વિભાગ - D

■ **નીચે આપેલા પ્રશ્ન નં. 43 થી 49 સુધીના પ્રશ્નોના માંગ્યા મુજબ ઉત્તર લખો. દરેક પ્રશ્નના 3 ગુણ છે.** **[21]**

**43)** નવજાગૃતિ એટલે શું ? તેની શરૂઆત ક્યારે થઈ ?

**44)** મોબાઈલ ફોનની ત્રણ વિશેષતાઓ જણાવો.

**અથવા**

ટેલિવિઝનથી થતા કોઈપણ ત્રણ ફાયદા જણાવો.

**45)** જિલ્લા આયોજન મંડળમાં કયા કયા સભ્યોનો સમાવેશ થાય છે ?

**અથવા**

આર્થિક આયોજનના મુખ્ય ચાર હેતુઓ જણાવી કોઈપણ એક વિશે ટૂંકમાં સમજાવો.

**46)** માટી ઉદ્યોગ વિશે ટૂંકનોંધ લખો.

**47)** ગાંધીજીએ અસહકારનું આંદોલન કેમ સ્થગિત કર્યું ?

**48)** ડૉ. વેરિયર આદિવાસીઓના પરમ મિત્ર હતા. સમજાવો.

**અથવા**

દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં સ્ત્રીઓનું યોગદાન ટૂંકમાં લખો.

**49)** જંગલો શાથી નાશ પામી રહ્યા છે ?

## વિભાગ - E

■ **નીચે આપેલા પ્રશ્ન નંબર 50 થી 54 ના મુદ્દાસર ઉત્તર આપો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

**50)** ભારતના ચાર મહાનગરોનો વિસ્તાર, વસ્તી અને શિક્ષણનું પ્રમાણ દર્શાવતું કોષ્ટક બનાવો.

**અથવા**

ગ્રામીણ વસ્તીને લગતું ખેતી વિષયક કોષ્ટક બનાવો.

**51)** આંતરરાષ્ટ્રીય અર્થવ્યવસ્થાની અસરથી થતા ગેરલાભો ટૂંકમાં ચર્ચો.

**52)** રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની રચના અને કાર્યો જણાવો.

**53)** ગાંધીજીને બાળપણમાં સર્વધર્મ સમભાવના સંસ્કારો કેવી રીતે મળ્યા હતા ?

**54)** ઓઝોનના સ્તરને નુકશાન કર્તા કારણો જણાવી ઓઝોનસ્તર તૂટે તો કેવું નુકશાન થાય ? તે લખો.

**અથવા**

રીયો પૃથ્વી પરિષદની આશાસ્પદ સિદ્ધિઓ લખો.

◆◆◆